નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પૈકી ચાલુ નોકરીએ અવસાન પામે તેવા કેસોમાં તેઓના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ED/CRT/e-file/3/2022/2200/CH

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધાઃ**

(૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૦૫/૦૭/૨૦૧૧.

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૦૭/૦૪/૨૦૧૬.

(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક, તા.૨૦-૦૭-૨૦૧૭

(૪) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૨૭/૦૭/૨૦૨૦.

(૫) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૨૪/૦૯/૨૦૨૨.

(૬) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ./૧૦૬ (૧૮૦૯૯૫)/ક, તા.૨૯/૧૦/૨૦૨૨.

(૭) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ./૧૦૬ (૧૮૦૯૯૫)/ક, તા.૧૨/૧૦/૨૦૨૩.

(૮) નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીના પત્ર ક્રમાંક: DPE/0641/12/2023, તા.૨૯/૧૨/૨૦૨૩

**પ્રસ્તાવના:**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી તા. ૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાયની યોજના લાગું કરવામાં આવેલ.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ ખાતેની નિયમિત જગ્યા ઉપર ફીકસ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની નીતિ દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજીની સમયમર્યાદા બાબતે સ્વ. કર્મચારીશ્રીના અવસાનની તારીખથી એક વર્ષની મુદત દરમ્યાન આશ્રિત કુટુંબના લાયક સભ્યએ નિયમોનુસારની ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજી કરવા બાબતે ઠરાવેલ છે.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના ઠરાવથી તા.૨૪/૦૯/૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના ઠરાવથી તા.૨૯/૧૦/૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર ફીકસ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના ઠરાવથી તા.૧૨/૧૦/૨૦૨૩ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર ફીકસ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ.

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૮) પરના પત્રથી નિયામક, પ્રાથમિક શિક્ષણ કચેરીએ નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી ચાલુ નોકરીએ અવસાન પામે તેવા કેસોમાં તેઓના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા અંગે દરખાસ્ત કરેલ. તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવથી ઉચ્ચક નાણાકીય સહાયની યોજના અમલમાં મૂકેલ હોઇ, તે મુજબ રાજયની નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પૈકી ચાલુ નોકરીએ અવસાન પામે તેવા કેસોમાં તેઓના આશ્રિતોને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના સા.વ.વિના ઉકત ઠરાવ અને ત્યારબાદ ઉકત વંચાણે લીધેલ ઠરાવોથી તેમાં વખતો વખત થયેલ સુધારા અનુસારની જોગવાઇ મુજબ તા.૦૫/૦૭/૨૦૧૧ની પશ્ચાદ્વર્તી અસરથી લાગુ કરવાની આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો:</u>**

(૧) સામાન્ય વહીવટ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના ઠરાવથી ચાલુ નોકરીએ અવસાન પામનાર સ્વ. કર્મચારીશ્રીના અવસાનની તારીખથી એક વર્ષની મુદત દરમ્યાન આશ્રિત કુટુંબના લાયક સભ્યએ નિયમોનુસારની ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટે અરજી કરવા અંગે સમયમર્યાદા નિયત કરેલ છે પરંતુ પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયા અગાઉ નગર શિક્ષણ સમિતિ સંચાલિત શાળાના શિક્ષકો/વિદ્યાસહાયકના ચાલુ નોકરીએ અવસાન પામેલ કર્મચારીઓના કેસોમાં ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબતની સ્પષ્ટતા ન હોઇ, સ્વ. કર્મચારીઓના આશ્રિતોએ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી નિયત સમયમર્યાદામાં અરજી ન કરેલ હોય, તેવુ બને આથી આવા કેસોમાં સમયમર્યાદામાં મુક્તિ આપવામાં આવે છે અને પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયેથી એક વર્ષની સમયમર્યાદામાં ઉચ્ચક નાણાંકીય સહાય બાબતે અરજી કરવાની રહેશે. આ સમયમર્યાદામાં અરજી સબંધિત કચેરીને કરવામાં નહી

આવે તો આવી અરજીઓ કોઇ પણ સંજોગોમાં ધ્યાને લેવાની રહેશે નહી.

(૨) પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયા બાદ ચાલુ નોકરીએ અવસાન પામેલ શિક્ષક/વિદ્યાસહાયકના કેસમાં સ્વ. કર્મચારીઓના આશ્રિતોએ સામાન્ય વહીવટ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના ઠરાવથી નિયત કરેલ સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે અને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબતે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ કે હવે પછી આ સબંધે જે કોઇ સૂચના/જોગવાઇ કરવામાં આવશે તે ધ્યાને લઇ તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) રાજયની મહાનગરપાલિકાઓ હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ આ બાબતે થતા ખર્ચ પૈકી ૮૦% ખર્ચ રાજય સરકાર દ્વારા શિક્ષકોના પગાર-ભથ્થાં પેટે આપવામાં આવતી ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને ૨૦% ખર્ચ સબંધિત મહાનગરપાલિકાએ ભોગવવાનો રહેશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સમાનાંકી ઇ-ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગ અને નાણાં વિભાગ મારફત સરકારશ્રીની તા.૨૨/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ચૌધરી)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ.મા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.મા.શિ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના) અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯,ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (નિયામક, પ્રા.શિ.ની કચેરી મારફત)
- તમામ શાસનાધિકારીશ્રી, સર્વે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (નિયામક, પ્રા.શિ.ની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામક, પ્રા.શિ.ની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ તરફ પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રકાશિત કરવા સારું.
- સિલેકટ ફાઇલ

*Signature Not Verified*

*Signed by:Rameshbhai Chaudhari*
*Section Officer*
*Date:2025.08.19*
*17:31:57 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*